રે ચેતન! ભૂલે વૃથા, કર્મકઠોર ન બાંધ.
સુશિલ મુનિ સાધન કરી, શિવ સંયમથી સાંધ.

## નં. ૪૮ ઘડપણમાં હોલીનું ફળ

જઇ નરકમાં નિકળ્યા, તેલ ઉકાળ્યું જાય.
પરમાધામી તેહને, પકડે ગરદન માંય.
મારી-મારી તેહને, પટકે તેણી માંય.
ઉકળતાં તેલમાં ઉકળ્યાં, ખાલ જુદેરી થાય.

વૃદ્ધપણમાં પણ વિવેક રહિત થઇ હોલી પર્વાદિમાં નાચ્યા, પાણી રેડયાં અને પરને ગાળો આપી તેથી ઉપાર્જન કરેલ કર્મનું ફળ નરકાવાસમાં પરમાધામીઓ આપે છે.

પરમાધામીઓ તેને તીક્ષ્ણ શૂળી ઉપર ઉંધો કરે છે. અને અસહ્ય પ્રતાડના આપે છે. ઉકળતાં-તેલમાં તેને પકડી-પકડી નાંખે છે. શરીરથી ચર્મ (ચામડી) જુદી થઈ જાય છે. આવી વેદના આત્મા અનુભવે છે.

વિવેક નહીં વૃદ્ધા પણે, જ્ઞાન નહીં લવલેશ.
સુશિલ કહે તેવા નરો, પામે ઘણેરા ક્લેશ.

"હોલીકાયાં નરો યાતિ, કૃત્વાકર્મ ચ બંધનં." હોલી પર્વમાં અવિવેકતા કર્મબન્ધનનું કારણ છે.

—શ્રી હોલીકા પ્રબન્ધન



# નં. ૪૯ અશુભ દ્રશ્યો જોનાર

રાગ રંગમાં રાચીયા, જરા ન આવી લાજ.
દ્રશ્ય કુદ્રશ્ય મનથી દેખતાં, નાચ તાન રસ રાજ.
વિકારે દૃષ્ટિ ભરી, રૂપ રંગ તન સાર.
કર્મોથી ભવમાં ડુબતો, કેમ થાય ભવ પાર.

જીવનમાં કુદ્રશ્યો જોઇ સંસારના ભોગ વિકાર ઉત્પન્ન કર્યાં અને રાગ રંગમાં રાચી ત્રિવિધ યોગ વડે કર્મ બન્ધન કર્યાં, કર્મ બાંધી ખુશી થાય છે, હસે છે અને મસ્ત થઇ નાચે છે. પણ આ નથી જાણુતો કે-

હસતાંજી બાંધ્યાં કર્મ, નવી ઓળખ્યો જિન ધર્મ.
આછિ લાલ રોતાં ન છુટે પ્રાણીયાજી

ધર્મથી અનભિજ્ઞ હસતાં કર્મ બન્ધન કરે છે. પણ કર્મ ભોગ ભોગવતી વખત ઘણું રડવું પડશે.

## મજા આવી

કોઈનું નહીં સાંભળનાર હંસરાજ રાત દિવસ રખડયા કરે, નાચ ગાન, સર્કસ, સિનેમા, અને વેશ્યાઓ ને ત્યાં જઇ નાચ જુએ.

માતા પિતાના કાળધર્મ પામ્યા પછી ઘરની સમ્પત્તિ હંસરાજના હાથમાં આવી અને વિશેષ કરી કુટેવ વધી.

આજ નાચ હતો. ઘણા પુંજીપતિયો આવ્યા હતા. તેમાં હંસરાજ આગેવાન હતો, તે દિવસે હોડમાં હંસરાજ કહે કેવી મજા આવી. પોતાનું સર્વ ધન હારી ગયો અને ભીખ માંગતો થયો.

અને મરીને અધોગતિમાં ગયો.

## નં. ૫૦ અશુભ દૃશ્યો જોવાનું ફળ

મરી નરકમાં ઉપન્યો, ખાધી બહુ જ માર.
કંટક સહ્યા અંગમાં સહન ન થાય લગાર.
કર્મની આ ઘટના ઘટી, સહ્યા વિણુ નહીં પાર,
પરમાધામી તેહને, આપે ખડગ પ્રહાર.

ઘણાં નાટક સિનેમા અને નૃત્યો જોઈ ખુશી થયા પણુ ભોગવતે સમય કાંટાની જાળ ઉપર બેસાડી પરમાધામીઓ ખડગ વડે ઘણો માર મારે છે. કાંટાઓ અંગને છેદી નાખે છે. અને સારા અંગમાંથી રૂધિર વહે છે.

સમજ્યો નહીં આતમ જરા, તેથી પામ્યો દુઃખ.
સુશિલ કહે સુકૃત વિના, કયાથી પામે સુખ.
પરસ્ત્રી કુનૃત્યં ચ, બાલભાવ વિશેષતઃ
ઘોરાતિઘોરં પ્રાપ્નોતિ, નરકદ્વારં ન સંશયઃ

પરસ્ત્રીઓના અને ખોટા નૃત્યો અજ્ઞાન અવસ્થામાં આત્માં ઘોરાતિઘોર નરકના દ્વારને નિસ્સંદેહ પ્રાપ્ત કરે છે માટે આવા ચિત્રો, દ્રશ્યો અને નૃત્યો અધોગતિ લઈ જાય છે. સ્વહિતેચ્છુ પોતાની ઈંદ્રીઓના વિષયોને રોકી રાખી આત્માનુભાવમાં સંલગ્ન થાય.

હે આત્મા ! તારે ભોગ સમ્બન્ધી સર્વ સામગ્રી છે. છતાં વિના મૂળના ઝાડ જેમ કેમ? અસ્થિર થાય છે ભોગ સામગ્રી અનન્તીવાર આત્માએ મેળવી છે છતાં સન્તોષ થયો નહીં. પરસ્ત્રી દુર્ગતિએ લઈ જાય છે.

—શ્રી ઉપદેશ શતક.



## નં. ૫૧ પરનારી સંગ

ફૂડા સુખને કારણે, પરનારીનો સંગ.
માન્યું સુખ તે પ્યારમાં, પરસ્ત્રી મીઠો રંગ.
પરનારી છુટી નહી, લાગ્યો મોટો સ્વાદ;
સંતોષ કયારે નહીં, અન્તરમાં ઉન્માદ.

## ભીમની વીરતા

જ્યારે પાંડવોને વનવાસ થયો અને એક વર્ષ વિરાટ-ારમાં અજ્ઞાતમાં રહેવું પડયું ત્યારે ભીમ રસોઈયાનું કરતો હતો અને દ્રોપદી નોકરાનીનું કામ કરતી હતી.

રાજાનો સાળો કીચકરાય દ્રૌપદીની સુન્દરતા જોઈ હિત થયો અને છેડતી કરવા લાગ્યો. દ્રૌપદીએ સર્વ ન્ત ભીમને કહી સંભળાવ્યો. ત્યારે ભીમે તેને મંદિરમાં વાનું કહ્યું.

દ્રૌપદીએ કીચકને મંદિરમાં આમંત્રિત કર્યો. સાંજ અંધારૂ પડયું અને ભીમ સ્ત્રીનું રૂપ ધારણુ કરી િરમાં ગયો, ત્યાં કીચકને જોયો. કીચક દોડતો[કપટસ્ત્રી] ને આલીંગન કરવા આવે છે કે તરત જ ભીમ સ્ત્રીના ો દૂર ફેંકીને કીચકને મારીને પોટલું બાંધી રસ્તા ફેંકે છે.

ભીમની વીરતા જોઈ કીચક કાંપી ઉઠયો. ભીમે તેને જોરથી આલીંગન કરી દાબી દીધો. તે ત્યાં જ તે જ મરણુ પામી અધોગતિએ ગયો.

## નં. ૫૨ પરનારી સંગનું પરિણા

નારી નરકની ખાણ છે. નરકની દીવી છે નાર.
સ્વ સ્ત્રીમાં પણ જે સંતોષ નથી માનતા તેવા
પણ અધોગતિ મેળવે છે. તો પરસ્ત્રીની ઈચ્છાવાળો અધ
મેળવે એમાં કોઈ આશ્ચર્ય નથી.

જઈ નરકમાં ઉપન્યો, માર અનંતી ખાય.
લાલ તપાવી થાંભલે, બાંધ્યો ત્યાં રીબાય.
માર પડ્યા મુદ્‌ગર તણા; બાંધ્યા હાથો પાય.
પાપી રસ ન પારખ્યો; થઈ બેઠો અસહાય.

અગ્નિથી ધગધગતા થાંભલે બાથ ભરાવી પ
ધામીઓ ઉપરથી મુદ્‌ગર વડે માર મારે છે. પર
સેવનનું ફળ અનુભવતો જીવડો અસહાય રડે છે.

અણુત્તરેસુ નરએસુ, વેઅણાઓ અણુત્તરા;
પમાએ વટ્ટમાણેણું મએપત્તા અણંતસો, ૨૫૭ મી

આત્મા કહે છે વિષય કષાય આદિ પ્રમાદને
થવાથી મેં ભયંકર નરકોમાં ભયંકર વેદનાઓ અનંત
ભોગવી છે.

—શ્રી મહાપચ્ચક્‌ખાણ પ

રાજભાર્યાભિલાષી ચ પરદારાપહારકઃ
કન્યાયાં કામુકાશ્ચૈવ સતીનાં દૂષકશ્ચ યઃ

રાજ- પત્નિની ઇચ્છા કરનાર. પરસ્ત્રીનું અપ
કરનાર; અપરિણિત કન્યામાં કામી, સતીને દૂષણ આપ
જીવો વૈતરણીમાં પડે છે.

—શ્રીગરુડ



પરપુરુષ ગમન કરનાર તથા છેડતી કરનારની

# નં. ૫૩ પર પુરૂષ ગમન

હાવ ભાવ કરી હેતથી; શણ્ગારી અપાર.
પર પુરૂષમાં માણતી; વિલાસ વિષય વિકાર.
રૂપ રંગ ખીછાવતી, શોભા ભરી બહાર.
નયનો નિત્ય નચાવતી, રાખે ઉરમાં જાર.

સતીત્વ વિના સ્ત્રીનું જીવન નિરર્થક છે. જે સ્ત્રીઓ પર પુરૂષ ગમન કરે છે. તે અધોગતિમાં જાય છે. આ ભવમાં અપકીર્તિ અને પર ભવમાં નરકાદિ ઘોર દુઃખો પામે છે.

## કુલટા કામિની

યુવાવસ્થામાં આંધળી કુબેરની પત્નિ પર પુરૂષના સહવાસમાં સંલગ્ન થઈ; ધનના લોભમાં; ફેશનના ફસામાં આવી ચઢી. સગા સંબંધીઓના સમજાવવાથી પણ ન સમજી.

એક દિવસ કુબેર બહારગામથી ઘેર આવ્યો, ઘરમાં પર પુરૂષને જોઈ પોતાની કુલટા કામિનીને ઘર બહાર કાઢી મૂકી, હવે તે વ્યભિચાર કરવા માંડી, થોડા સમયમાં શરીરમાં જ્વરાદિ રોગ ઉત્પન્ન થયા તેથી ઘણી વેદના પામી અન્ત સમય રૌદ્રધ્યાનથી મરણ પામી અધોગતિ પ્રાપ્ત કરી.

સ્ત્રીનું જીવન પવિત્ર હોવા છતાં કુમાર્ગથી દુષિત થાય છે. માટે કુમાર્ગથી આત્માને દૂર કરવો. તીર્થંકર ભગવંતોની માતાઓ પણ સ્ત્રીઓ જ હોય છે. પણ તે જગતની માતા કહેવાય છે. કારણ કે તેઓ મન વચન અને કાયાએ કરી શીયલને પાળે છે. માટે શાસ્ત્રકારો કહે છે કે શીયલ સમું બીજું કોઈ વ્રત નથી.